# સોયાબીન પાકમાં ખેડુત દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૩.૧૦.૨૦૨૧ના રોજ રાયણ (તા. ગરબાડા) ગામ મુકામે કલસ્ટર પ્રથમ હરોળ **નિદર્શન હેઠળ** સોયાબીન (એન.આર.સી. ૩૭) પાકોમાં "ખેડુત દિન"ની ઉજવણી કરવામાં આવેલ. **આ કાર્યક્રમમાં** ડૉ. એચ. એલ. કાચા, (ઈ/ચા) **વરિષ્ઠ** વૈજ્ઞાનિક અને વડા **દ્વારા સોયાબીન પાકોમાં સમસ્તરીય ફેલાવો** થાય તે અંગે **અને શાકભાજી પાકોની હાઇબ્રીડ અને સુધારેલ** જાતોનુ મહત્વ, સોયાબીન પાકમાં **મુલ્યવર્ધન અને તેની વિવિધ બનાવટો વિશે** તેમજ શ્રી. એન. ડી. મકવાણા, **વૈજ્ઞાનિક** (સસ્ય વિજ્ઞાન)**એ સોયાબીનની જાત એન.**આર.સી. ૩૭ ની લાક્ષણિકતા અને સોયાબીન પાકના ગોતરનો પશુપાલનમાં ઉપયોગ અને સોયાબીન પાકમાં જોવા મળતા રોગ-જીવાત વિષે ખેડુતભાઈ અને બહેનોને માહિતગાર કરવામાં આવેલ. આ કાર્યક્રમ દરમિયાન ખેડુતભાઈ અને બહેનોને જીવંત છોડ બતાવી સખામણી પણ કરાવવામાં આવી અને ખેતર પર રૂબરૂ જોઈને ખેડુતોમાં ઘણો ઉત્સાહ વધેલો જોવા મળેલ. આ કાર્યક્રમમાં કુલ ૪૪ ખેડુતભાઇ અને **બહેનોઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ** હતો.


ડૉ. એચ. એલ. કાચા**નું ઉદ્દબોધન**


શ્રી. એન. ડી. **મકવાણાનું ઉદ્દબોધન**








સોયાબીન પાકમાં ફિલ્ડ ડે ની ઉજવણી કાર્યક્રમમાં ભાગ લીધેલ ખેડુત ભાઈઓ અને બહેનો